**સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન**

# ICE® MAGIC


## CURRENT AFFAIRS




NIRF India Rankings 2019




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત



બ્લેક હોલની તસવીર લેવામાં સૌપ્રથમ વખત મળી સફળતા



શ્રી ડેવિડ માલ્પસ વર્લ્ડ બેન્કના નવા અધ્યક્ષ



જસ્ટિસ વિક્રમ નાથ આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બન્યા


**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)


[APR - 2019]
[07/04 to 13/04]

# WEEK-15

**CURRENT TOPIC**

- 2019-20માં ભારતનો વિકાસ દર 7.5 ટકા રહેવાનો વર્લ્ડ બેંકનો અંદાજ
- જલિયાંવાલા બાગ હત્યાકાંડની 100મી વર્ષગાંઠ
- ભારતીય મેન્સ હોકી ટીમના નવા કોચ તરીકે શ્રી ગ્રેહામ રીડની નિમણૂક
- વિધાનસભા દીઠ પાંચ બૂથોમાં VVPATની ગણતરી કરવા સુપ્રીમનો આદેશ
- વિદેશમાંથી સ્વદેશ નાણાં મોકલવામાં ભારતીયો મોખરે
- સંયુક્ત સૈન્ય અભ્યાસ 'બોલ્ડ કુરુક્ષેત્ર 2019'


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**7 APRIL, 2019 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ આરોગ્ય (સ્વાસ્થ્ય) દિવસ



સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે WHO દ્વારા દર વર્ષે 7 એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે 7 એપ્રિલ, 1948ના રોજ WHOની સ્થાપના થઈ હતી. આથી દર વર્ષે 7 એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરવામાં આવે છે.
- 1948માં WHOની પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં નક્કી કર્યા મુજબ ઈ.સ. 1950 થી દર વર્ષે 7 એપ્રિલના રોજ આ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2018 તથા 2019ની વિશ્વ આરોગ્ય દિવસની થીમ 'યુનિવર્સલ હેલ્થ કવરેજ : એવરીવન, એવરીવ્હેર' છે.
- વર્ષ 2018 તથા 2019ના વિશ્વ આરોગ્ય દિવસનું સ્લોગન 'હેલ્થ ફોર ઓલ' છે
- વર્ષ 2019ની વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી માટેની hashtag '#Health For All' છે.

### WHO

WHOનું પૂરું નામ 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' છે.

- WHOએ આંતરરાષ્ટ્રીય જાહેર આરોગ્ય અંગેની યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર)ની એક ખાસ એજન્સી છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વના લોકોનું આરોગ્યનું સ્તર ઊંચું લઈ જવાનો છે.
- તેનું વડુંમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલું છે.
- WHOના વર્તમાન(7 એપ્રિલ, 2019ની સ્થિતિએ) ડાયરેક્ટર જનરલ (અધ્યક્ષ) શ્રી ટેડરોસ અધનમ છે.

### આરોગ્ય નીતિ 2017 અંતર્ગત ભારત સરકારના મહત્ત્વના લક્ષ્યાંકો

15 માર્ચ, 2017ના રોજ મંજૂર થયેલી કેન્દ્ર સરકારની નવી આરોગ્ય નીતિ 2017 અંતર્ગત કેટલાક મહત્ત્વના લક્ષ્યાંકો આ પ્રમાણે છે :

- આરોગ્ય ખર્ચ GDPના 1.04 ટકાથી વધારીને GDPના 2.5 ટકા કરાશે.
- વર્ષ 2025 સુધીમાં કુલ પ્રજનન દર ઘટાડીને 2.1 કરવામાં આવશે.
- વર્ષ 2025 સુધીમાં પાંચ વર્ષ કરતા ઓછી વયના બાળકોનો મૃત્યુદર ઘટાડીને 23 કરવામાં આવશે.
- ભારતમાં બાળકને જન્મ આપતી વખતે દર 1 લાખ માતાઓમાંથી 167નું મૃત્યુ થાય છે. વર્ષ 2020 સુધીમાં આ મૃત્યુ દર 167થી ઘટાડી 100 કરવામાં આવશે.
- વર્ષ 2025 સુધીમાં નવજાત શિશુ મૃત્યુદર ઘટાડીને 16 કરવો તથા મૃત જન્મતા બાળકોનો દર ઘટાડીને એક અંકમાં લાવવો.
- વર્ષ 2018 સુધીમાં રક્તપિત્તનું ઉન્મૂલન કરવું.
- વર્ષ 2025 સુધીમાં ટીબીનું ઉન્મૂલન.
- હાર્ટ, કેન્સર, ડાયાબિટીસ અને શ્વાસના જૂના રોગોથી અકાળ મૃત્યુનો દર 2025 સુધી ઘટાડીને 25 ટકા સુધી લાવવો.
- વર્ષ 2025 સુધીમાં દૃષ્ટિ હિનતાના કેસ ઘટાડીને દર હજારે 0.25 કરવાનું લક્ષ્ય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત
નોકરીની સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
ફ્રી DEMO LECTURE
16/04/19
સવારે-બપોરે-સાંજે
જનરલ બેચ
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET
આપની સફળતાને નિશ્ચિત કરતી
'સ્પેશિયલ બેચ'
10 Mega Test Paper

## ➢ શ્રી પ્રફુલ પટેલ ફિફાના પ્રથમ ભારતીય સભ્ય બન્યા




All India Football Federation (AIFF)ના અધ્યક્ષ શ્રી પ્રફુલ પટેલ ફિફા એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- આ સાથે જ શ્રી પ્રફુલ પટેલ ફિફાના પ્રથમ ભારતીય સભ્ય બની ગયા છે.
- Asian Football Confederation (AFC) તરફથી પાંચ સભ્યોને ફિફા એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં શામેલ કરવા માટે 6 એપ્રિલ, 2019ના રોજ મલેશિયાના કુઆલા લુમ્પુર ખાતે AFCની 29મી કોંગ્રેસ દરમિયાન ચૂંટણી યોજાઈ હતી.
- જેમાં શ્રી પ્રફુલ પટેલ 46માંથી 38 મત મેળવીને ચૂંટાઈ આવ્યા હતા.
- આ ઉપરાંત શેખ સલમાન બિન ઈબ્રાહિમ અલ ખલીફા AFCના અધ્યક્ષ તરીકે ફરીથી પસંદગી પામ્યા છે. તેઓ વર્ષ 2013થી એશિયન ફૂટબોલ કોન્ફેડરેશનના અધ્યક્ષ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### FIFA

FIFAનું પૂરું નામ 'Federation Internationle de Football Association' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal), અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- વૈશ્વિક સ્તરે ફૂટબોલ, ફૂટસલ અને બીચ સોકરનું સંચાલન FIFA દ્વારા થાય છે.
- FIFAનું વડુંમથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- તેના વર્તમાન (7 એપ્રિલ, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી જિયાની ઈન્ફન્ટિનો છે.

## ➤ શ્રી ડેવિડ માલ્પસ વર્લ્ડ બેન્કના નવા અધ્યક્ષ બન્યા



9 એપ્રિલ, 2019થી શ્રી ડેવિડ માલ્પસ વર્લ્ડ બેન્કના નવા અધ્યક્ષ તરીકે પદભાર સંભાળશે.

- તેઓ વર્લ્ડ બેન્કના 13મા અધ્યક્ષ બનશે.
- શ્રી ડેવિડ રોબર્ટ માલ્પસ વર્લ્ડ બેન્કના અધ્યક્ષ તરીકે શ્રી જિમ યોંગ કિમનું સ્થાન લેશે.
- શ્રી ડેવિડ માલ્પસ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના આર્થિક સલાહકારોમાંના એક છે.

### વર્લ્ડ બેન્કના અધ્યક્ષની નિમણૂક

વર્લ્ડ બેન્કનો સૌથી વધુ શેર હિસ્સો અમેરિકા પાસે છે.

- આથી, પરંપરાગત રીતે વર્લ્ડ બેન્કના અધ્યક્ષ અમેરિકન નાગરિક હોય છે.
- સામાન્ય રીતે વર્લ્ડ બેન્કના અધ્યક્ષ તરીકે અમેરિકા દ્વારા નામાંકન કરવામાં આવે છે.
- જોકે, આ નામને વર્લ્ડ બેન્કના 'Board of Executive Directors'ની મંજૂરી જરૂરી છે.
- વર્લ્ડ બેન્કના અધ્યક્ષનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. તેમની આ મુદત રીન્યુ થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### World Bank

- વર્લ્ડ બેંક એ સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ની એક વિશિષ્ટ સંસ્થા છે.
- વિશ્વ બેંકનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ગરીબીનું પ્રમાણ ઘટાડવું, આંતરરાષ્ટ્રીય રોકાણમાં વધારો કરવો અને વિશ્વને આર્થિક રીતે પ્રગતિશીલ બનાવવાનો છે.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- તેની સ્થાપના અમેરિકામાં 'બ્રેટન વુડ્સ સંમેલન' દરમિયાન જુલાઈ 1944માં થઈ હતી.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'Working for a World Free of Poverty' છે.

**નોંધ :** (1) વર્લ્ડ બેન્કના પ્રથમ અધ્યક્ષ શ્રી યુજેન મેયર હતા.

(2) વર્લ્ડ બેન્કના અધ્યક્ષ પદે આજ સુધી એક પણ મહિલા બિરાજમાન થયા નથી.

(3) જોકે, શ્રી જિમ યોંગ કિમના રાજીનામા બાદ વર્લ્ડ બેન્કના વચગાળાના (કાર્યકારી) અધ્યક્ષ તરીકે તાજેતરમાં બલ્ગેરિયાના શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવાની નિમણૂક કરવામાં આવી હતી.

## ICE Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયો દિવસ વિશ્વ આરોગ્ય (સ્વાસ્થ્ય) દિવસ તરીકે ઉજવાય છે ?
   (A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ **(C)**

2. વર્ષ 2018 અથવા તો 2019ના વિશ્વ આરોગ્ય દિવસની થીમ શું છે ?
   (A) હેલ્થ ફોર ઓલ (B) વર્કીંગ ફોર અ વર્લ્ડ ફ્રી પોવર્ટી
   (C) યુનિવર્સલ હેલ્થ કવરેજ : એવરીવન, એવરીવ્હેર (D) ત્રણમાંથી કોઈ નહીં **(C)**

3. વર્ષ 2018 અથવા તો 2019ના વિશ્વ આરોગ્ય દિવસનું સ્લોગન શું છે ?
   (A) હેલ્થ ફોર ચાઈલ્ડ (B) હેલ્થ ફોર વર્લ્ડ (C) હેલ્થ ફોર ચેન્જ (D) હેલ્થ ફોર ઓલ **(D)**

4. નીચેનામાંથી કઈ સંસ્થાની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી કે જેની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેલ્થ ડે'ની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) United Nations (B) UNESCO (C) UNICEF (D) WHO **(D)**

5. તાજેતરમાં FIFAની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાઈ આવનાર પ્રથમ ભારતીયનું નામ શું છે ?
   (A) શ્રી પ્રણવ વર્મા (B) શ્રી પ્રફુલ પટેલ (C) શ્રી અજય વર્મા (D) શ્રી નીરવ શર્મા **(B)**

6. ભારતના 'ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન' (AIFF)ના વર્તમાન (7 એપ્રિલ, 2019ની સ્થિતિએ) અધ્યક્ષનું નામ શું છે ?
   (A) શ્રી પ્રફુલ પટેલ (B) શ્રી પ્રણવ વર્મા (C) શ્રી અજય વર્મા (D) શ્રી નીરવ પટેલ **(A)**

7. તાજેતરમાં વર્લ્ડ બેન્કના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી જિમ યોંગ કિમ (B) શ્રી ડેવિડ માલ્પસ (C) શ્રી માર્ક કેઈન (D) શ્રી જ્યોર્જ આર્નોલ્ડ **(B)**

8. તાજેતરમાં શ્રી ડેવિડ માલ્પસ વર્લ્ડ બેન્કના કેટલામા અધ્યક્ષ બન્યા છે ?
   (A) 11મા (B) 12મા (C) 13મા (D) 16મા **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........

Daily Test Paper
WITH OMR SHEET

તલાટી / બિનસચિવાલય પેપર
(દરરોજ 1 પેપર)

તલાટી / બિનસચિવાલયની પેપર પ્રેક્ટીસ માટે
દરરોજ એક પેપર Download કરવા
ICEની Authentic Telegram ચેનલ આજે જ JOIN કરો
t.me/icerajkotofficial

Download From Here
t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8 APRIL, 2019 MONDAY**

## ➤ નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વિકાસ દર 7.5 ટકા રહેવાનો વર્લ્ડ બેંકનો અંદાજ


વર્લ્ડ બેંક દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વિકાસ દર 7.5 ટકા રહેવાની સંભાવના છે.

- જ્યારે નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો વાસ્તવિક GDP 7.2 ટકા રહેવાનો અંદાજ છે.
- આ અગાઉ તાજેતરમાં ADB (એશિયન ડેવલપમેન્ટ બેન્ક) દ્વારા 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત RBIની મોનેટરી પોલિસી કમિટીની તાજેતરમાં મળેલી નાણાકીય વર્ષ 2019-20ની પ્રથમ દ્વિમાસિક સમીક્ષા બેઠકમાં પણ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**વર્ષ 2019-20 માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ**

| ક્રમ | સંસ્થા | અંદાજિત GDP વૃદ્ધિ દર |
|---|---|---|
| 1 | વર્લ્ડ બેન્ક | 7.5 ટકા |
| 2 | એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) | 7.2 ટકા |
| 3 | RBI | 7.2 ટકા |

## ➤ ભારતીય મેન્સ હોકી ટીમના નવા કોચ તરીકે શ્રી ગ્રેહામ રીડની નિમણૂક



ભારતની પુરુષ હોકી ટીમના મુખ્ય કોચ તરીકે શ્રી ગ્રેહામ રીડની નિમણૂક કરવામાં આવી છે.

- ઓસ્ટ્રેલિયાના પૂર્વ ખેલાડી અને પૂર્વ કોચ શ્રી ગ્રેહામ રીડ ભારતીય હોકી ટીમના મુખ્ય કોચ તરીકે શ્રી હરેન્દ્ર સિંહનું સ્થાન લેશે.
- શ્રી ગ્રેહામ રીડ વર્ષ 2020 સુધી ભારતીય હોકી ટીમના કોચ તરીકે રહેશે. ત્યારબાદ તેમના પ્રદર્શનને આધારે આ મુદતમાં વધારો પણ થઈ શકે છે.
- શ્રી ગ્રેહામ રીડ આ અગાઉ નેધરલેન્ડની ટીમના સહાયક કોચ હતા.
- તેઓ ઓસ્ટ્રેલિયા તરફથી 130 મેચો રમ્યા છે.
- તેમણે ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ તરીકે પણ સેવા આપી છે. તેમના કાર્યકાળમાં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું.

**ICE ? Questions**

1. વર્લ્ડ બેંક દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
(A) 7.2 (B) 7.3 (C) 7.5 (D) 7.7 **(C)**

2. તાજેતરમાં એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) અને RBI દ્વારા નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે ?
(A) 7.2 (B) 7.3 (C) 7.5 (D) 7.7 **(A)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

3. ભારતની પુરુષ હોકી ટીમના મુખ્ય કોચ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી ગ્રેહામ સ્મિથ (B) શ્રી ગ્રેહામ વોર્ન (C) શ્રી ગ્રેહામ રીડ (D) શ્રી ગ્રેહામ બોલ્ટ — **(C)**

4. ભારતની પુરુષ હોકી ટીમના મુખ્ય કોચ તરીકે તાજેતરમાં શ્રી ગ્રેહામ રીડની નિમણૂક કરવામાં આવી છે.... શ્રી ગ્રેહામ રીડ કયા દેશના પૂર્વ ખેલાડી અને પૂર્વ કોચ છે ?
(A) ઈંગ્લેન્ડ (B) ન્યુઝીલેન્ડ (C) દક્ષિણ આફ્રિકા (D) ઓસ્ટ્રેલિયા — **(D)**

5. તાજેતરમાં કોની જગ્યાએ શ્રી ગ્રેહામ રીડની ભારતીય પુરુષ હોકી ટીમના મુખ્ય કોચ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી હરીશ સાલ્વે (B) શ્રી દેવેન્દ્ર સિંહ (C) શ્રી હરેન્દ્ર સિંહ (D) શ્રી રાજેન્દ્ર સિંહ — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

અમને વિશ્વાસ છે, આપ પણ બેંક ઓફિસર બની શકો છો...

SBI
Junior Associates

New Batch 30-04-19

735+ PASS

8000+ VACANCY

- New Exam Cracking Strategy & Winning Policy
- Daily Time Management Practice
- Master Shortcut Tricks & Techniques
- Updated Study Materials
- One to One Analysis
- Online Test Paper Practice (Topic Wise / Section Wise)
- Expert & Experienced Faculties
- Skill Wise Preparation (Basic/Moderate/Upper)
- FREE Interview Guidance For P.O.

Weekly Class Test Paper

**9 APRIL, 2019 TUESDAY**

## ➤ વિધાનસભા દીઠ પાંચ બૂથોમાં વીવીપેટની સ્લીપની ગણતરી કરવા સુપ્રીમનો આદેશ

તાજેતરમાં ભારતમાં **સુપ્રીમ કોર્ટે** મત ગણતરી દરમિયાન EVM સાથે VVPAT સ્લીપની સરખામણી કરવાનું પ્રમાણ વધારવા **ચૂંટણી પંચ**ને આદેશ આપ્યો છે.

- હાલના નિયમ અનુસાર **દરેક વિધાનસભા બેઠક દીઠ ફક્ત એક જ મતદાન મથક**માં EVM સાથે VVPAT સ્લીપની ચકાસણી કરવામાં આવે છે.
- હવે સુપ્રીમ કોર્ટે **વિધાનસભા દીઠ પાંચ મતદાન મથક**માં EVM સાથે VVPAT સ્લીપની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે.
- તાજેતરની લોકસભા ચૂંટણીનું પરિણામ જાહેર કરતી વખતથી જ આ નવો નિયમ અમલમાં આવશે.
- સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ચૂંટણી પ્રક્રિયા અને EVMની વિશ્વસનીયતામાં વધારો થશે.

### કોની અરજીના સંદર્ભમાં કઈ બેન્ચે આ ચૂકાદો આપ્યો ?

- ભારતમાં **આંધ્રપ્રદેશ**ના મુખ્યમંત્રી **શ્રી ચંદ્રાબાબુ નાયડુ**ના નેતૃત્વમાં આશરે 21 જેટલા વિરોધ પક્ષના નેતાઓએ 50 ટકા મતદાન મથકોમાં EVMની સાથે VVPAT સ્લીપની ગણતરી કરવાની માંગ કરી હતી.
- જોકે મુખ્ય ન્યાયમૂર્તિ **શ્રી રંજન ગોગોઈ**ના નેતૃત્વવાળી બેન્ચે આ માંગ ફગાવી દીધી હતી.
- સુપ્રીમ કોર્ટના **ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ**ના નેતૃત્વવાળી આ બેન્ચના અન્ય સભ્યોમાં **જસ્ટિસ દિપક ગુપ્તા** અને **જસ્ટિસ સંજીવ ખન્ના**નો સમાવેશ થાય છે.

**નોંધ :** સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ હવે આશરે 4120ની જગ્યાએ અંદાજે 20,600 બૂથમાં VVPAT સ્લીપની ગણતરી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### EVM અને VVPAT

#### ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (EVM)

- ભારતમાં EVMનો પ્રથમ વખત ઉપયોગ **1982**માં **કેરળ**ની **ઉત્તર પેરાવુર** વિધાનસભા બેઠકના કેટલાક પોલિંગ બુથો પર થયો હતો.
- ત્યારબાદ ભારતમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો પ્રાયોગિક ધોરણે પ્રથમ ઉપયોગ વર્ષ **1998**માં **દિલ્હી**, **રાજસ્થાન** તથા **મધ્યપ્રદેશ**ની 16 વિધાનસભા બેઠકો માટે કરવામાં આવ્યો હતો.
- પરંતુ, ગોવા એવું પ્રથમ રાજ્ય હતું કે જ્યાં વર્ષ 1999ની વિધાનસભાની ચૂંટણીમાં બધી જ વિધાનસભા ક્ષેત્રોમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન દ્વારા મતદાન કરવામાં આવેલ હતું.
- EVM 6 વોલ્ટની એલ્કેલાઈન બેટરી પર કામ કરે છે, આથી જ્યાં વીજળી ન હોય તેવા ક્ષેત્રોમાં પણ આનો પ્રયોગ આસાનીથી કરી શકાય છે.
- એક EVM મશીન વધુમાં વધુ 16 ઉમેદવાર માટે એક સાથે મતદાન રેકોર્ડ રાખી શકે છે તથા એક સાથે વધુમાં વધુ 64 ઉમેદવારો માટે કુલ 4 EVMનો પ્રયોગ કરી શકાય છે.
- જો કોઈ પણ ચૂંટણીક્ષેત્રમાં 64થી વધુ ઉમેદવારો હોય તો ત્યાં EVMની જગ્યાએ મતપત્રોની મદદથી મતદાન કરાવવું પડે છે.


**નોંધ :** (1) 1989માં રચાયેલી **શ્રી દિનેશ ગોસ્વામી** સમિતિએ ચૂંટણીમાં EVMનો પ્રયોગ કરવાની ભલામણ કરી હતી.
(2) ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં વર્ષ **2004**થી EVMનો ઉપયોગ કરવાનો ચૂંટણી પંચે નિર્ણય કર્યો હતો.


ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## VVPAT

- વીવીપેટ (VVPAT)નું પૂરું નામ **'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ'** છે.
- ભારતમાં સૌપ્રથમ સપ્ટેમ્બર, 2013માં **નાગાલેન્ડ**ના **નાકસેન** વિધાનસભા મતક્ષેત્રમાં વીવીપેટનો ઉપયોગ થયો હતો.
- ત્યારબાદ વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના ગાંધીનગર સહિત દેશના કુલ 8 લોકસભા ક્ષેત્રોમાં વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ **ગોવા**માં **2017**માં સમગ્ર રાજ્યમાં મતદાન દરમિયાન VVPAT મશીનનો ઉપયોગ થયો હતો.
- ભારતમાં BEL (ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ) અને ECIL (ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ) દ્વારા VVPATનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ TIK TOK Mobile App પર પ્રતિબંધ મૂકવા મદ્રાસ હાઈકોર્ટનો આદેશ

તાજેતરમાં **તમિલનાડુ**ની **મદ્રાસ હાઈકોર્ટ** દ્વારા **'tik tok app'**ના ડાઉનલોડિંગ પર પ્રતિબંધ મૂકવા કેન્દ્ર સરકારને આદેશ આપવામાં આવ્યો છે.

- ટિક ટોક એપ્લિકેશનના માધ્યમથી અશ્લીલતાને પ્રોત્સાહન મળતું હોવાથી મદ્રાસ હાઈકોર્ટે આ નિર્ણય કર્યો હતો.
- મદ્રાસ હાઈકોર્ટના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો અને આ અંગે ઝડપી સુનાવણી હાથ ધરવા માંગ કરવામાં આવી હતી.
- જોકે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ **શ્રી રંજન ગોગોઈ**ની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મુદ્દે ઝડપી સુનાવણી કરવા મનાઈ ફરમાવી છે.

## ➤ ભારતની સ્વદેશી બનાવટની પ્રથમ તોપ 'ધનુષ' સેનામાં સામેલ

ભારતની સ્વદેશી બનાવટની લાંબી રેન્જની પ્રથમ તોપ **'ધનુષ'**ને સત્તાવાર રીતે ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી છે.

- સૈન્ય દ્વારા **114** ધનુષ આર્ટીલરી ગનનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.
- તેમાંથી પ્રથમ જથ્થાની **6 ગન** તૈયાર થઈ જતાં તેને **મધ્યપ્રદેશ**ના **જબલપુર**માં આવેલી **'Gun Carriage Factory'**માં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતીય સેનાને સોંપવામાં આવી છે.

### ધનુષ તોપની વિશેષતા

(1) ધનુષએ **ભારતમાં નિર્માણ પામેલી** સ્વદેશી બનાવટની લાંબા અંતરની **પ્રથમ તોપ** છે.
(2) **સ્વીડન**ની **'બોફોર્સ'** તોપની ડિઝાઈન પરથી આ તોપની ડિઝાઈન બનાવવામાં આવી છે.
(3) ધનુષએ ભારતની સૌપ્રથમ સ્વદેશી **155 X 45 કેલિબર** આર્ટિલરી ગન છે.
(4) તેની મારક ક્ષમતા **38 કિમી** સુધીની છે.
(5) તે રાતના સમયે પણ લક્ષ્ય પર નિશાન સાધી શકે છે.
(6) હાડ ગાળતી ઠંડી અને આગ ઝરતા ઉનાળામાં પણ એટલે કે કોઈપણ ઋતુમાં આ તોપ એક સરખી ક્ષમતાથી કામ આપે છે.
(7) ભારતમાં **DRDO** ઉપરાંત **અન્ય કંપનીઓ**ના સહયોગથી ભારતની સ્વદેશી બનાવટની આ સંપૂર્ણ રીતે ઓટોમેટિક આર્ટિલરી ગન વિકાસાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

**1.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ભારતમાં મત ગણતરી દરમિયાન વિધાનસભા બેઠક દીઠ કેટલા મતદાન મથકમાં EVM સાથે VVPAT સ્લીપની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે ?
(A) 50 (B) 25 (C) 10 (D) 5 — **(D)**

**2.** તાજેતરમાં ભારતમાં કઈ હાઈકોર્ટે 'ટિક ટોક એપ'ના ડાઉનલોડ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો ?
(A) કર્ણાટક (B) કેરળ (C) મદ્રાસ (D) મેઘાલય — **(C)**

**3.** તાજેતરમાં તમિલનાડુની મદ્રાસ હાઈકોર્ટ દ્વારા કઈ એપના ડાઉનલોડિંગ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે ?
(A) PUBG (B) Instagram (C) Netflix (D) Tik Tok — **(D)**

**4.** તાજેતરમાં ભારતમાં સ્વદેશી બનાવટની કઈ પ્રથમ તોપને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી છે ?
(A) કે-9 વજ્ર (B) M-777 અલ્ટ્રા–લાઈટ હોવિત્ઝર
(C) ધનુષ (D) બોફોર્સ — **(C)**

**5.** ભારતની સ્વદેશી બનાવટની પ્રથમ તોપ 'ધનુષ'ની મારક ક્ષમતા કેટલા કિમી સુધીની છે ?
(A) 18 (B) 26 (C) 38 (D) 48 — **(C)**

## 10 APRIL, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જર્મનીના ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમને 1796માં હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી.
- આથી તેની યાદમાં તેમનો જન્મ દિન 10 એપ્રિલ 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમનનો જન્મ 10 એપ્રિલ, 1755ના રોજ જર્મનીમાં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO,
નાયબ મામલતદાર, કલાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન,
રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ
માટે અત્યંત ઉપયોગી પુસ્તક

તદ્દન સરળ સમજૂતી સાથે ઝડપી ગણિતની મેજિક ટ્રીક

ગણિત

LATEST 2019


તર્કશક્તિ

REASONING

શોર્ટકટ ટ્રીક્સ અને સ્કોરીંગ મેથડ સાથે તદ્દન સરળ સમજૂતી અને પ્રેક્ટીસ

ગુજરાત સરકાર દ્વારા લેવાતી CLASS 1/2/3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાં
પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલી રીઝનીંગના વિવિધ
ટોપીકની તદ્દન સરળ રજૂઆત





## ➢ વિદેશમાંથી સ્વદેશ નાણાં મોકલવામાં ભારતીયો મોખરે

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના એક રિપોર્ટ અનુસાર વિદેશમાં કમાણી કરીને સ્વદેશમાં નાણાં મોકલવામાં વર્ષ 2018માં પણ સમગ્ર વિશ્વમાં ભારતીય નાગરિકો પ્રથમ ક્રમે છે.

- આ યાદીમાં ભારત બાદ ચીન બીજા અને મેક્સિકો ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2018માં વિદેશમાં રહેલા ભારતીયોએ આશરે 79 અબજ ડોલર ભારતમાં મોકલ્યા હતા.
- જેમાં સૌથી વધુ નાણાં પૂરગ્રસ્ત કેરળમાં વિદેશમાં વસતા કેરળવાસીઓએ મોકલ્યા હતા.

**વર્ષ 2018માં વિદેશમાંથી સ્વદેશ મોકલાયેલી રકમ**

| ક્રમ | દેશ | અંદાજિત રકમ (અબજ ડોલરમાં) |
|---|---|---|
| 1 | ભારત | 79 |
| 2 | ચીન | 67 |
| 3 | મેક્સિકો | 36 |
| 4 | ફિલિપીન્સ | 34 |
| 5 | ઈજિપ્ત | 29 |

## ➢ NIRF India Rankings 2019

ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'National Institutional Ranking Framework' (NIRF) અંતર્ગત વર્ષ 2016થી ભારતની શિક્ષણ સંસ્થાઓને વિવિધ કેટેગરીમાં રેન્કિંગ્સ આપવામાં આવે છે.

- આ અંતર્ગત તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે NIRF India Rankings 2019ની જાહેરાત કરી હતી.
- જેમાં કુલ 9 કેટેગરીમાં ભારતની શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે.
- આ રેન્કિંગમાંથી ઓવરઓલ કેટેગરીમાં ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ બીજા અને IIT દિલ્હી ત્રીજા ક્રમે છે.
- આ રેન્કિંગમાં ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની ફક્ત બે જ સંસ્થાઓનો સમાવેશ થયો છે.
- જેમાં IIT ગાંધીનગર 51મા અને આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી 96મા ક્રમે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**India Rankings 2019 : Top 100 in Over All**
**(ભારતની 100 સૌથી શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓ)**

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Chennai | Tamil nadu |
| 2 | Indian Institute of Science, Bengaluru | Karnataka |
| 3 | Indian Institute of Technology Delhi | Delhi |
| 4 | Indian Institute of Technology Bombay, Mumbai | Maharashtra |
| 5 | Indian Institute of Technology Kharagpur | West Bengal |
| 51 | Indian Institute of Technology Gandhinagar | Gujarat |
| 96 | Anand Agricultural University, Anand | Gujarat |

ઓવરઓલ ઉપરાંત અન્ય 8 કેટેગરીમાં પ્રથમ ક્રમે રહેલી ભારતની શિક્ષણ સંસ્થાઓ અને જે તે કેટેગરીમાં સમાવેશ પામેલી ગુજરાતની શિક્ષણ સંસ્થાઓના નામ નીચે પ્રમાણે છે :

**India Rankings 2019 : Top 100 Universities**
**(ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટી)**

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Science, Bengaluru | Karnataka |
| 2 | Jawaharlal Nehru University, New Delhi | Delhi |
| 3 | Banaras Hindu University, Varanasi | Uttar Pradesh |
| 67 | Anand Agricultural University, Anand | Gujarat |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**India Rankings 2019 : Top 200 in Engineering**
**(ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓ)**

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Madras, Chennai | Tamil Nadu |
| 24 | Indian Institute of Technology Gandhinagar | Gujarat |
| 58 | Sardar Vallabhbhai National Institute of Technology, Surat | Gujarat |
| 91 | Dhirubhai Ambani Institute of Information and Communication Technology, Gandhinagar | Gujarat |
| 136 | Nirma University, Ahmedabad | Gujarat |
| 137 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |

**India Rankings 2019 : Top 75 In Management**
**(ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓ)**

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Management Bangalore, Bengaluru | Karnataka |
| 2 | Indian Institute of Management Ahmedabad | Gujarat |
| 40 | Nirma University, Ahmedabad | Gujarat |
| 51 | Institute of Rural Management, Anand | Gujarat |

## India Rankings 2019 : Top 75 In Pharmacy
(ભારતની શ્રેષ્ઠ 75 ફાર્મસી સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Jamia Hamdard, New Delhi | Delhi |
| 9 | National Institute of Pharmaceutical Education and Research, Gandhinagar | Gujarat |
| 17 | Maharaja Sayajirao University of Baroda, Vadodara | Gujarat |
| 21 | Nirma University, Ahmedabad | Gujarat |
| 31 | L. M. College of Pharmacy, Ahmedabad | Gujarat |
| 66 | B. K. Modi Goverment Pharmacy College, Rajkot | Gujarat |

## India Rankings 2019 : Top 100 Colleges
(ભારતની શ્રેષ્ઠ 100 કોલેજો)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Miranda House, Delhi | Delhi |
| 2 | Hindu College, Delhi | Delhi |
| 3 | Presidency College, Chennai | Tamil nadu |
| 26 | P. D. Patel Institute of Applied Sciences, Changa | Gujarat |
| 56 | St. Xavier's College, Ahmedabad | Gujarat |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## India Rankings 2019 : Top 30 In Medical
(ભારતની શ્રેષ્ઠ 30 મેડિકલ સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | All India Institute of Medical Sciences, New Delhi | Delhi |

(આ કેટેગરીમાં ગુજરાતની એક પણ શિક્ષણ સંસ્થાનો સમાવેશ થયો નથી)

## India Rankings 2019 : Top 15 In Law
(ભારતની શ્રેષ્ઠ 15 કાયદાના અભ્યાસ અંગેની સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | National Law School of India University, Bengaluru | Karnataka |
| 9 | Gujarat National Law University, Gandhinagar | Gujarat |

## India Rankings 2019 : Top 15 In Architecture
(ભારતની શ્રેષ્ઠ 15 આર્કિટેક્ચર સંસ્થાઓ)

| Rank | Name | State |
|---|---|---|
| 1 | Indian Institute of Technology Kharagpur | West Bengal |

(આ કેટેગરીમાં ગુજરાતની એક પણ શિક્ષણ સંસ્થાનો સમાવેશ થયો નથી)

## ICE ? Questions

1. 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ — **(C)**

2. હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?
(A) સેમ્યુઅલ હાનેમન (B) જ્યોર્જ બર્નાર્ડ (C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર — **(A)**

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેન્કના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં વિદેશમાંથી સ્વદેશમાં નાણાં મોકલવામાં વિશ્વના કયા દેશના નાગરિકો પ્રથમ ક્રમે છે ?
(A) ભારત (B) ચીન (C) મેક્સિકો (D) ઈજિપ્ત — **(A)**

4. તાજેતરમાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા NIRF India Rankings 2019 અનુસાર ઓવરઓલ કેટેગરીમાં ભારતની શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) IIT દિલ્હી (B) IIT મદ્રાસ (C) IIT ગાંધીનગર (D) IIT બોમ્બે — **(B)**

5. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ઓવરઓલ કેટેગરીની ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં IIT ગાંધીનગર કયા ક્રમે છે ?
(A) 10મા (B) 25મા (C) 51મા (D) 96મા — **(C)**

6. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ઓવરઓલ કેટેગરીની ભારતની સૌથી શ્રેષ્ઠ 100 શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની કઈ બે શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે ?
(A) IIT ગાંધીનગર અને IIM અમદાવાદ
(B) IIT ગાંધીનગર અને નિરમા યુનિવર્સિટી અમદાવાદ
(C) IIT ગાંધીનગર અને MS યુનિવર્સિટી વડોદરા
(D) IIT ગાંધીનગર અને આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ — **(D)**

7. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટીઓમાં કઈ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે ?
(A) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગાલુરુ
(B) શ્રી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હી
(C) બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
(D) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ — **(A)**

8. તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ભારતની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટીઓમાં ગુજરાતની એક માત્ર કઈ યુનિવર્સિટીનો સમાવેશ થયો છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી (B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
(C) આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી (D) નિરમા યુનિવર્સિટી — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ભારતની શ્રેષ્ઠ 200 એન્જિનિયરિંગ સંસ્થાઓમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?

(A) IIT મદ્રાસ (B) IIT दिल्ही (C) IIT બોમ્બે (D) IIT કાનપુર

**(A)**

**10.** તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ભારતની શ્રેષ્ઠ 75 મેનેજમેન્ટ સંસ્થાઓમાં IIM અમદાવાદ કયા ક્રમે છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા

**(B)**

**11.** તાજેતરમાં જાહેર થયેલા NIRF India Rankings 2019માં ભારતની શ્રેષ્ઠ 100 કોલેજોમાં પ્રથમ ક્રમે કઈ કોલેજ છે ?

(A) મિરાન્ડા હાઉસ, દિલ્હી (B) હિન્દુ કોલેજ, દિલ્હી


(C) પ્રેસિડેન્સી કોલેજ, ચેન્નાઈ (D) હંસરાજ કોલેજ, દિલ્હી

**(A)**



**11 APRIL, 2019 THURSDAY**

## ➤ ખગોળ વિજ્ઞાનની ઐતિહાસિક ઘટના : બ્લેક હોલની તસવીર લેવામાં સૌપ્રથમ વખત મળી સફળતા



તાજેતરમાં **'એસ્ટ્રોફિઝિક્લ'** નામના જર્નલમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ખગોળ વૈજ્ઞાનિકોને **બ્લેક હોલ**ની તસવીર લેવામાં સફળતા મળી છે.

- આ ખગોળ વિજ્ઞાનના ઈતિહાસની **પ્રથમ** ઘટના છે. જેમાં સૌપ્રથમ વખત બ્લેક હોલની તસવીર લેવામાં આવી છે.
- કારણ કે બ્લેક હોલ નામ પ્રમાણે જ કાળા ભમ્મર હોવાથી આજ સુધી તેની તસવીર લઈ શકાઈ ન હતી.

### કયા બ્લેક હોલની તસવીર લેવાઈ છે ?

ખગોળ વૈજ્ઞાનિકોએ જે બ્લેક હોલની તસવીર લીધી છે તે **'M-87'** અથવા તો **'મેસિયર - 87'** નામની **ગેલેક્ષી**ના કેન્દ્રમાં આવેલો છે.

- તેની પહોળાઈ આશરે 40 અબજ કિલોમીટર છે અને પૃથ્વીથી તેનું અંતર આશરે 5000 અબજ કિલોમીટર હોવાનું કહેવાય છે.
- આ બ્લેક હોલ આપણી સૂર્યમાળા કરતા પણ મોટો છે અને વૈજ્ઞાનિકોએ આજ સુધી જોયેલો અથવા તો નોંધેલો તે સૌથી મોટો બ્લેક હોલ છે.
- આ વિશાળકાય બ્લેક હોલને વૈજ્ઞાનિકો **'મોન્સ્ટર'** (એટલે કે **'રાક્ષસ'**) નામથી ઓળખે છે.

### કયા ટેલિસ્કોપની મદદથી આ તસવીર લેવાઈ છે ?

કોઈ એક ટેલિસ્કોપની મદદથી આ બ્લેક હોલની તસવીર લેવાનું શક્ય ન હોવાથી **Global network of radio telescopes** દ્વારા વિશ્વમાં જુદા–જુદા સ્થળોએ આવેલા **6 ટેલિસ્કોપ**ની મદદથી આ તસવીર તૈયાર કરવામાં આવી છે.

- આ છ ટેલિસ્કોપમાં સ્પેન, મેકિસકો, ચીલી તથા દક્ષિણ ધ્રુવ પર આવેલા 1-1 અને અમેરિકાના 2 ટેલિસ્કોપનો સમાવેશ થાય છે.
- આ ટેલિસ્કોપ દ્વારા મળેલી અબજો જીબી માહિતી **જર્મની**ની **મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ**માં એકઠી કરવામાં આવી હતી.
- અને ત્યારબાદ આ માહિતીને આધારે આ તસવીર તૈયાર કરવામાં આવી હતી.
- **Event Horizon Telescope (EHT) Collaboration** દ્વારા હાથ ધરાયેલા **પ્રોજેક્ટ** અંતર્ગત આ તસવીર લેવામાં સફળતા મળી છે.

### બ્લેક હોલની તસવીર લેવાનો સૌપ્રથમ વિચાર કોણે આપ્યો હતો ?

બ્લેક હોલની તસવીર લેવાનો સૌપ્રથમ વિચાર **નેધરલેન્ડ**ના વૈજ્ઞાનિક **ડો. હેનીઓ ફલેકે** રજૂ કર્યો હતો.

- ડો. હેનીઓ ફલેક **નેધરલેન્ડ**ની **રેડબાઉન્ડ યુનિવર્સિટી**માં પ્રોફેસર છે, અને બ્લેક હોલ તેમનો મુખ્ય વિષય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્લેક હોલ શું છે ?

બ્લેક હોલ એ પ્રચંડ ગુરુત્વાકર્ષણ ધરાવતો અંધકાર ભર્યો બ્રહ્માંડનો એવો વિસ્તાર છે કે જેની અંદર ગયેલી વસ્તુ કદી પાછી નથી આવતી.

- તેનું દબાણ એટલું પ્રચંડ હોય છે કે તેમાં આખે આખો તારો કે ગ્રહ કે ગમે તે પદાર્થ પણ અંદર જાય તો પરત ફરી શકતા નથી.
- આ વિસ્તારમાં સૂર્યના કિરણો પણ અંદર ખેંચાઈ જતા હોવાથી આ વિસ્તારમાં અંધકાર જોવા મળે છે.
- **અમેરિકા**ના ભૌતિક શાસ્ત્રી **શ્રી જહોન આર્કિબાલ્ડ વ્હિલરે** **1967**માં **'બ્લેક હોલ'** શબ્દ આપ્યો હતો.
- **'બ્લેક હોલ'** માટે ગુજરાતીમાં **'કૃષ્ણ વિવર'** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

**નોંધ :** (1) **ઈંગ્લેન્ડ**ના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક **શ્રી સ્ટીફન હોકિંગે** બ્લેક હોલમાંથી રેડિયેશન બહાર નીકળે છે એવી માહિતી આપી હતી. જે **'હોકિંગ રેડિયેશન'** તરીકે ઓળખાય છે.

(2) **'બ્લેક હોલ'** અંગેની શ્રી સ્ટીફન હોકિંગની આ શોધના સન્માનમાં **ઈંગ્લેન્ડ** દ્વારા તાજેતરમાં **50 Pence**ના **'Black hole' Coin** પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

## ➤ Wisden Cricketer's Almanack 2019




ક્રિકેટના બાઈબલ તરીકે પ્રસિદ્ધ મેગેઝિન **'વિઝડન'** દ્વારા તાજેતરમાં **વર્ષ 2019**ના ક્રિકેટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતના શ્રી વિરાટ કોહલીને **'લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ'** એવોર્ડ એનાયત થયો છે.
- શ્રી વિરાટ કોહલીને **સતત ત્રીજી વખત** આ એવોર્ડ મળ્યો છે.
- આ ઉપરાંત વિઝડન દ્વારા જાહેર થતા **'વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર'** માટે પણ **શ્રી વિરાટ કોહલી**ની પસંદગી કરવામાં આવી છે.
- **'વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર'** એવોર્ડ માટે દર વર્ષે **પાંચ ક્રિકેટર**ની પસંદગી કરવામાં આવે છે. જેમાં વર્ષ 2019માં શ્રી વિરાટ કોહલીની પણ પસંદગી કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતના મહિલા ક્રિકેટર **સુશ્રી સ્મૃતિ માંધાના**ને વિઝડનનો **'વુમેન્સ લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ'** એવોર્ડ એનાયત થયો છે.

### વર્ષ 2019માં ભારતીય ક્રિકેટરને મળેલું વિઝડનનું સન્માન

| ક્રમ | ખેલાડી | સન્માન |
| --- | --- | --- |
| 1 | શ્રી વિરાટ કોહલી | લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ તથા વિઝડન (ફાઈવ) ક્રિકેટર્સ ઓફ ધ યર |
| 2 | સુશ્રી સ્મૃતિ માંધાના | વુમેન્સ લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ |

ICE INSTITUTE FOR COMPETITIVE

## ➤ IMF વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક એપ્રિલ 2019

IMF દ્વારા તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક એપ્રિલ 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- જેમાં વર્ષ 2019માં અર્થતંત્રનો વૈશ્વિક વૃદ્ધિ દર 3.3 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.
- વર્ષ 2018માં આ વૃદ્ધિ દર 3.6 ટકા અને 2017માં તે 4 ટકા હતો.
- વર્ષ 2019માં વૈશ્વિક વિકાસ દરમાં ઘટાડાનું મુખ્ય કારણ ચીન અને અમેરિકા વચ્ચેનું ટ્રેડ વોર, ચીનની કડક ઋણ નીતિ તથા તુર્કી અને આર્જેન્ટિનાનું આર્થિક સંકટ છે.
- વર્ષ 2020માં ચીનનો વિકાસ દર 6.1 ટકા રહેવાનો અંદાજ છે.
- અને વર્ષ 2024 સુધીમાં ચીનનો વિકાસ દર ઘટીને 5.5 ટકા થવાની સંભાવના છે.

### ભારતના વિકાસ દરનો અંદાજ

IMF દ્વારા આ અગાઉ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો વિકાસ દર 7.4 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

- જે હવે ઘટાડીને 7.3 ટકા કરવામાં આવ્યો છે.
- ભારતના વિકાસ દરમાં આ ઘટાડા છતાં તે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકેનું તેનું સ્થાન જાળવી રાખશે.

### IMF

IMFનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' છે.

- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પદ્ધતિઓમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરાષ્ટ્રીય નાણાંકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે.
- તેના કાર્યોમાં –

  (1) સમગ્ર વિશ્વમાં નાણાંકીય સ્થિરતા સુરક્ષિત રાખવી.

  (2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો.

  (3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવું.

  (4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી – વગેરેનો સમાવેશ થાય છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2019-20 માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ

| ક્રમ | સંસ્થા | અંદાજિત GDP વૃદ્ધિ દર |
|---|---|---|
| 1 | વર્લ્ડ બેન્ક | 7.5 ટકા |
| 2 | એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) | 7.2 ટકા |
| 3 | RBI | 7.2 ટકા |
| 4 | IMF | 7.3 ટકા |

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 'વીર પરિવાર' એપ લોન્ચ કરી

ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** તાજેતરમાં **'વીર પરિવાર'** નામથી એક એપ લોન્ચ કરી છે.

- ભારતમાં દેશ માટે શહીદ થનાર **CRPFના જવાનોના પરિવારો** માટે આ એપ વિકસાવવામાં આવી છે.
- આ એપ દ્વારા CRPFના જવાનોના પરિવારને CRPFના શહીદ જવાનને મળતા પેન્શન લાભ તથા સરકારની અન્ય લાભ યોજનાઓ વિશે માહિતી મળશે.
- આ એપ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ નથી, પરંતુ તેને અધિકારીઓ દ્વારા જવાનોના પરિવારના ફોનમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે.

### CRPF

**CRPFનું** પૂરું નામ **'Central Reserve Police Force'** છે.

- CRPFએ ભારતનું **સૌથી મોટું કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ** છે.
- તેને ભારતનું **સૌથી મોટું અર્ધ સૈનિક દળ પણ** માનવામાં આવે છે.
- તે ભારત સરકારના **ગૃહમંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.
- CRPFનું મુખ્ય કાર્ય **ભારતની આંતરિક સુરક્ષા જાળવવામાં સહાયતા** કરવાનું છે.
- ભારતમાં ચૂંટણી, આતંકવાદ સંબંધી ઘટનાઓ કે પછી કાયદો–વ્યવસ્થા સંબંધી અન્ય ઘટનાઓમાં આ દળ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને કાયદો–વ્યવસ્થા જાળવવામાં સહાયતા કરે છે.
- સૌપ્રથમ **Crown Representative's Police** તરીકે તેની સ્થાપના **27 જુલાઈ, 1939**ના રોજ થઈ હતી.
- ભારતની આઝાદી બાદ **CRPF એક્ટ 1949** અંતર્ગત **28 ડિસેમ્બર, 1949**ના રોજ તે **CRPF** તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.
- CRPFની **239 બટાલિયનો**માં આશરે 3,13,600 જેટલા જવાનો કાર્યરત છે.
- CRPFનો મોટો **'Service and Loyalty'** (**'સેવા અને નિષ્ઠા'**)છે.

**નોંધ :** CRPFના વર્તમાન (11 એપ્રિલ, 2019ની સ્થિતિએ) Director General **શ્રી રાજીવ રાય ભટનાગર** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

1. તાજેતરમાં ખગોળ વૈજ્ઞાનિકોએ લીધેલી બ્લેક હોલની સૌપ્રથમ તસવીર કયા બ્લેક હોલની છે ?
(A) આલ્પસ (B) માલ્કસ (C) મોન્સ્ટર (D) રેમ્પ **(C)**

2. તાજેતરમાં 'મોન્સ્ટર' નામના બ્લેક હોલની પ્રથમ તસવીર પ્રસિદ્ધ કરવામાં આવી છે... આ બ્લેક હોલ કઈ ગેલેક્ષીના કેન્દ્રમાં આવેલો છે ?
(A) M-27 (B) M-37 (C) M-67 (D) M-87 **(D)**

3. તાજેતરમાં ખગોળ વૈજ્ઞાનિકોને કયા કોલેબોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ અંતર્ગત સૌપ્રથમ વખત બ્લેક હોલની તસવીર લેવામાં સફળતા મળી છે ?
(A) Event Horizon Telescope (EHT) (B) Monster Horizon Telescope (MHT)
(C) Global Horizon Telescope (GHT) (D) Universe Horizone Telescope (UHT) **(A)**

4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી બ્લેક હોલની પ્રથમ તસવીર ટેલિસ્કોપના કયા વૈશ્વિક સમૂહ દ્વારા તૈયાર કરવામાં આવી છે ?
(A) Global network of telescopes (B) World network of telescopes
(C) World network of radio telescopes (D) Global network of radio telescopes **(D)**

5. બ્લેક હોલની તસવીર લેવાનો સૌપ્રથમ વિચાર કયા વૈજ્ઞાનિકે આપ્યો હતો ?
(A) શ્રી સ્ટીફન હોકિંગ (B) ડો. હેનીઓ ફ્લેક (C) શ્રી જહોન વ્હીલર (D) શ્રી માર્ક ટ્વેઈન **(B)**

6. તાજેતરમાં શ્રી સ્ટીફન હોકિંગે કરેલી બ્લેક હોલ અંગેની શોધના સન્માન માટે કયા દેશ દ્વારા 50 પેન્સના 'બ્લેક હોલ' કોઈન પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ?
(A) અમેરિકા (B) ઈંગ્લેન્ડ (C) ફ્રાન્સ (D) જર્મની **(B)**

7. તાજેતરમાં વિઝડન મેગેઝિન દ્વારા જાહેર થયેલા વર્ષ 2019ના એવોર્ડમાંથી શ્રી વિરાટ કોહલીને નીચેનામાંથી કયું/કયા સન્માન મળ્યા છે ?
(1) લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ (2) વિઝડન (ફાઈવ) ક્રિકેટર્સ ઓફ ધ વર્લ્ડ
(3) વિઝડન (ફાઈવ) ક્રિકેટર્સ ઓફ ધ યર
(A) 1 અને 2 (B) 1 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(B)**

8. તાજેતરમાં વિઝડન દ્વારા કયા મહિલા ક્રિકેટરને વર્ષ 2019નો વુમેન્સ લિડિંગ ક્રિકેટર ઈન ધ યર પુરસ્કાર એનાયત થયો છે ?
(A) સુશ્રી મિતાલી રાજ (B) સુશ્રી સારા જેમ્સ
(C) સુશ્રી સ્મૃતિ માંધાના (D) સુશ્રી હરમનપ્રીત કૌર **(C)**

9. તાજેતરમાં IMF દ્વારા પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક એપ્રિલ, 2019 અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
(A) 7.2 (B) 7.3 (C) 7.4 (D) 7.5 **(B)**

10. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે CRPFના શહીદ જવાનોના પરિવાર માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ?
(A) શહીદ વીર (B) વીર જવાન (C) વીર પરિવાર (D) શહીદ પરિવાર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 12 APRIL, 2019 FRIDAY

## ➢ દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ

## ➢ સંયુક્ત સૈન્ય અભ્યાસ બોલ્ડ કુરુક્ષેત્ર 2019

તાજેતરમાં 8થી 11 એપ્રિલ, 2019 દરમિયાન ભારત અને સિંગાપોર વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'બોલ્ડ કુરુક્ષેત્ર 2019'નું આયોજન થયું હતું.

- ભારત અને સિંગાપોર વચ્ચે યોજાયેલો આ 12મો 'બોલ્ડ કુરુક્ષેત્ર' સૈન્ય અભ્યાસ હતો.
- ભારતમાં ઉત્તરપ્રદેશના ઝાંસીના બબીના કેન્ટોનમેન્ટમાં આ સૈન્ય અભ્યાસનું આયોજન થયું હતું.
- આ સૈન્ય અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ બંને દેશો વચ્ચે સૈન્ય ટેક્નોલોજી, દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરુદ્ધની લડાઈને મજબૂત બનાવવાનો હતો.

## ➢ નવ રચિત આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ વિક્રમ નાથની નિમણૂક

નવ રચિત આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ વિક્રમ નાથની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ આંધ્રપ્રદેશ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ શ્રી સી. પ્રવિણકુમારનું સ્થાન લેશે.
- જસ્ટિસ વિક્રમ નાથ અલાહાબાદ હાઈકોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે. અને હવે તેઓ આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બનશે.

### આંધ્રપ્રદેશ હાઈકોર્ટ

તાજેતરમાં 1 જાન્યુઆરી, 2019ના રોજ 'હૈદરાબાદ હાઈકોર્ટ'નું નામ બદલીને 'તેલંગણા હાઈકોર્ટ' કરવામાં આવ્યું હતું.

- અને એક નવી 'આંધ્રપ્રદેશ હાઈકોર્ટ'ની રચના કરવામાં આવી હતી.
- નવ રચિત આંધ્રપ્રદેશ હાઈકોર્ટ ભારતની 25મી હાઈકોર્ટ છે.
- આ હાઈકોર્ટની બેઠક આંધ્રપ્રદેશના પાટનગર અમરાવતીમાં નિર્માણ પામી રહેલી જસ્ટિસ સિટીમાં સ્થપાશે. જોકે હાલ અસ્થાયી રીતે આ હાઈકોર્ટની કામગીરી શરૂ થઈ ગઈ છે.

**નોંધ :** (1) 2 જૂન, 2014ના રોજ આંધ્રપ્રદેશનું વિભાજન કરીને તેમાંથી તેલંગણા નામના નવા રાજ્યની રચના કરવામાં આવી હતી.
(2) આ વિભાજન બાદ તેલંગણા અને આંધ્રપ્રદેશ વચ્ચે એક જ હાઈકોર્ટ (હૈદરાબાદ હાઈકોર્ટ) કાર્યરત હતી.
(3) હવે 'હૈદરાબાદ હાઈકોર્ટ'નું નામ બદલીને 'તેલંગણા હાઈકોર્ટ' કરવામાં આવ્યું છે. અને આંધ્રપ્રદેશ માટે એક નવી 'આંધ્રપ્રદેશ હાઈકોર્ટ'ની રચના કરવામાં આવી છે.

### હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જુલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1 જાન્યુઆરી 2019ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 214** અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના **7મા બંધારણીય સુધારા** અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 216** અનુસાર દરેક હાઈકોર્ટમાં **એક મુખ્ય ન્યાયાધીશ** અને **બીજા અન્ય ન્યાયાધીશો** હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત **રાષ્ટ્રપતિ** નક્કી કરે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 217** અનુસાર **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**ની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ** તથા સંબંધિત રાજ્યના **રાજ્યપાલ**ની સલાહથી કરવામાં આવે છે.
- **અનુચ્છેદ 217** અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના **અન્ય ન્યાયાધીશો**ની નિયુક્તિ **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ**, સંબંધિત રાજ્યના **રાજ્યપાલ** અને એ રાજ્યની **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**ની સલાહ પ્રમાણે કરે છે.

## હાઈકોર્ટના મુખ્ય તથા અન્ય ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા 10 વર્ષનો **ન્યાયાધીશ**નો અનુભવ હોવો જોઈએ.

અથવા

ઓછામાં ઓછા 10 વર્ષ સુધી **હાઈકોર્ટ**માં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ (મુદત)

ભારતીય બંધારણના **અનુચ્છેદ-217(1)** મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ **62 વર્ષની વય સુધી** પોતાના પદ ઉપર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના **રાષ્ટ્રપતિ**ને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

**અનુચ્છેદ 219** અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ **રાજ્યપાલ** કે **રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ** સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**નો પગાર **રૂા. 2,50,000 પ્રતિમાસ** અને **અન્ય ન્યાયાધીશો**નો પગાર **રૂા. 2,25,000** પ્રતિમાસ છે.

## હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| 2 | 216 | હાઈકોર્ટની રચના |
| 3 | 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| 4 | 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| 5 | 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| 6 | 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ હાઈકોર્ટની(સંસદ દ્વારા) સ્થાપના |

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ' અથવા તો 'International Day of Human Space Flight' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ | (C) |
| 2. | તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 12મા સંયુક્ત સૈન્ય અભ્યાસ 'બોલ્ડ કુરુક્ષેત્ર 2019'નું આયોજન થયું હતું ?<br>(A) મલેશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) ઈન્ડોનેશિયા (D) સિંગાપોર | (D) |
| 3. | તાજેતરમાં એપ્રિલ 2019 દરમિયાન ભારત અને સિંગાપોર વચ્ચે સૈન્ય અભ્યાસ 'બોલ્ડ કુરુક્ષેત્ર 2019'નું આયોજન કયાં થયું હતું ?<br>(A) વારાણસી, ઉત્તરપ્રદેશ (B) મથુરા, ઉત્તરપ્રદેશ (C) વૃંદાવન, ઉત્તરપ્રદેશ (D) ઝાંસી, ઉત્તરપ્રદેશ | (D) |
| 4. | 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતની 25મી હાઈકોર્ટ તરીકે કઈ નવી હાઈકોર્ટની રચના કરવામાં આવી છે ?<br>(A) હૈદરાબાદ હાઈકોર્ટ (B) તેલંગણા હાઈકોર્ટ<br>(C) આંધ્રપ્રદેશ હાઈકોર્ટ (D) તમિલનાડુ હાઈકોર્ટ | (C) |
| 5. | નવ રચિત આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) જસ્ટિસ સી. પ્રવિણ કુમાર (B) જસ્ટિસ વિજય પરમાર<br>(C) જસ્ટિસ નીરવ વામજા (D) જસ્ટિસ વિક્રમ નાથ | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 13 APRIL, 2019 SATURDAY

### ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન સેન્ટ એન્ડ્રયુ એનાયત

12 એપ્રિલ, 2019ના રોજ રશિયા દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ'થી સન્માનિત કરવામાં આવશે.

- ભારત અને રશિયા વચ્ચેના વ્યૂહાત્મક દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદી આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે.

#### આ એવોર્ડ કોને એનાયત થાય છે ?

રશિયા સાથેના સંબંધો મજબૂત બનાવવા માટે આંતરરાષ્ટ્રીય યોગદાન આપનાર મહાનુભાવોને તેમજ દેશ માટે મહત્ત્વનું યોગદાન આપનાર રશિયન નાગરિકને પણ રશિયાના આ 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.

- આ અગાઉ ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગને પણ આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ પુરસ્કારનો પ્રારંભ 17મી સદીમાં રશિયાના સમ્રાટ પીટર દ ગ્રેટ દ્વારા થયો હતો.
- રશિયા દ્વારા એનાયત થતું આ સૌથી જૂનું આંતરરાષ્ટ્રીય સન્માન છે. જે 1918માં બંધ થઈ ગયું હતું. જેને 1998માં ફરીથી શરૂ કરવામાં આવ્યું છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ અગાઉ તાજેતરમાં **યુનાઈટેડ આરબ અમીરાત**ના સર્વોચ્ચ નાગરિક સન્માન **'ઝાયેદ મેડલ'**થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર નીચે પ્રમાણે છે :

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં એનાયત થયેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ**

| ક્રમ | એવોર્ડનું નામ | કોના દ્વારા |
|---|---|---|
| 1 | ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ (2019) | રશિયા |
| 2 | ઝાયેદ મેડલ (2019) | યુનાઈટેડ આરબ અમિરાત (UAE) |
| 3 | (પ્રથમ) ફિલિપ કોટલર પુરસ્કાર (2019) | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 4 | સીયોલ શાંતિ પુરસ્કાર 2018 | દક્ષિણ કોરિયા |
| 5 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર 2018 | યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર) |
| 6 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર 2018 | પેલેસ્ટાઈન |
| 7 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર (2016) | અફઘાનિસ્તાન |
| 8 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર (2016) | સાઉદી અરેબિયા |

## ➤ જલિયાંવાલા બાગ હત્યાકાંડની 100મી વર્ષગાંઠ




**13 એપ્રિલ, 2019**ના રોજ **જલિયાંવાલા બાગ હત્યાકાંડ**ની **100મી વર્ષગાંઠ** નિમિત્તે **પંજાબ**માં **અમૃતસર**ના **જલિયાંવાલા બાગ સ્મારક**માં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુએ** જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.
- આ ઉપરાંત શ્રી એમ. વેંકૈયા નાયડુએ આ પ્રસંગે **100 રૂપિયાના સ્મારક સિક્કા** અને **ટપાલ ટિકિટ**નું પણ અનાવરણ કર્યું હતું.

### જલિયાંવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં **'રોલેટ એક્ટ'**ના વિરોધમાં **મહાત્મા ગાંધીજી**એ **6 એપ્રિલ, 1919**ના રોજ દેશ વ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા **8 એપ્રિલ, 1919**ના રોજ **હરિયાણા**ના **પલવલ** નામના ગામમાંથી **મહાત્મા ગાંધીજી**ની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ થઈ હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં **ડો. સત્યપાલ** અને **શ્રી સૈફુદ્દીન કિચલુ** દ્વારા સરઘસ કાઢવામાં આવ્યું હતું.
- 10 એપ્રિલ, 1919ના રોજ અંગ્રેજ સરકારે તેમની પણ ધરપકડ કરી હતી.
- ડો. સત્યપાલ અને શ્રી સૈફુદ્દીન કિચલુ પંજાબના લોકપ્રિય નેતા હતા.

- આથી, પોતાના આ લોકપ્રિય નેતાઓની ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસર ખાતે આવેલા જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસારના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતાં તે લશ્કરી ટુકડી સાથે જલિયાંવાલા બાગમાં પહોંચી ગયો હતો. અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા.
- બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ પિશાચી કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે શ્રી મદનમોહન માલવીયાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટહૂડ' તથા શ્રી જમનાદાસ બજાજે 'રાયબહાદુર'ની ઉપાધીનો ત્યાગ કર્યો હતો.

**નોંધ :** જનરલ ડાયરને તેના જીવનના અંતિમ વર્ષોમાં પેરાલિસિસ થઈ ગયો હતો. અને પેરાલિસિસથી કંટાળીને તેણે 24 જુલાઈ, 1927ના રોજ આત્મહત્યા કરી લીધી હતી એવું કહેવાય છે.

### જલિયાંવાલા બાગ સ્મારક

ભારતની સંસદ દ્વારા 'જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951' પસાર કરીને જલિયાંવાલા બાગને 'રાષ્ટ્રીય સ્મારક' જાહેર કરવામાં આવ્યું છે.

- 'જલિયાંવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' (JBNMT) દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં રશિયાના કયા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) ગ્રાન્ડ કોલર પુરસ્કાર (B) ઝાહેદ મેડલ
(C) ફિલિપ કોટલર પુરસ્કાર (D) ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ **(D)**

2. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ દ એપોસ્ટલ' પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે....આ પુરસ્કાર કયા દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે ?
(A) દક્ષિણ કોરિયા (B) પેલેસ્ટાઈન
(C) રશિયા (D) યુનાઈટેડ આરબ અમિરાત **(C)**

3. 13 એપ્રિલ, 2019ના રોજ નીચેનામાંથી કઈ ઐતિહાસિક ઘટનાની 100મી વર્ષગાંઠ હતી ?
(A) ખેડા સત્યાગ્રહ (B) ખિલાફત આંદોલન
(C) અસહકાર આંદોલન (D) જલિયાંવાલા બાગ હત્યાકાંડ **(D)**

4. 'જલિયાંવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?
(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918 (C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 **(D)**

5. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના કયા શહેરમાં આવેલા જલિયાંવાલા બાગમાં હત્યાકાંડ થયો હતો ?
(A) લાહોર (B) જાલંધર (C) અમૃતસર (D) લુધિયાણા **(C)**

6. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાંવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?
(A) શ્રી લાલા લજપતરાય અને શ્રી સૈફુદ્દીન કિચલુ (B) શ્રી લાલા લજપતરાય અને ડો. સત્યપાલ
(C) શ્રી સૈફુદ્દીન કિચલુ અને ડો. સત્યપાલ (D) શ્રી સૈફુદ્દીન કિચલુ અને શ્રી ભગત સિંહ **(C)**

7. જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની રચના કરવામાં આવી હતી ?
(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન (C) હંટર કમિશન (D) વાયલી કમિશન **(C)**

8. જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?
(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી જમનાલાલ બજાજ
(C) શ્રી સૈફુદ્દીન કિચલુ (D) શ્રી મદનમોહન માલવીય **(D)**

9. 13 એપ્રિલ, 2019ના રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડની 100મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે જલિયાંવાલા બાગ સ્મારકમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કોના દ્વારા જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી રાજનાથ સિંહ **(C)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ છત્તીસગઢના દંતેવાડામાં થયેલા નકસલી હુમલામાં ધારાસભ્યનું મોત

9 એપ્રિલ, 2019ના રોજ <u>છત્તીસગઢ</u>ના <u>દંતેવાડા</u> જિલ્લામાં થયેલા એક નકસલી હુમલામાં <u>દંતેવાડા</u> બેઠકના ભાજપના <u>ધારાસભ્ય શ્રી ભીમા મંડાવી</u> ઉપરાંત 4 જવાનો શહીદ થયા હતા. દંતેવાડા જિલ્લાના કઉઆકોન્ટા અને શ્યામગીરી વચ્ચેથી ધારાસભ્ય શ્રી ભીમા મંડાવીનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે આ ઘટના ઘટી હતી.

## ➤ ગ્લોબલ વોટર સમિટમાં નમામિ ગંગેને એવોર્ડ

તાજેતરમાં બ્રિટનના લંડન ખાતે યોજાયેલી ગ્લોબલ વોટર સમિટ-2019માં ગ્લોબલ વોટર ઈન્ટેલિજન્સ દ્વારા ભારતના નમામિ ગંગે મિશનને (અથવા તો રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશનને) 'પબ્લિક વોટર એજન્સી ઓફ ધ યર ડિસ્ટિંક્શન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. નમામિ ગંગા મિશનનો મુખ્ય ઉદ્દેશ ગંગા નદીને પ્રદૂષણથી મુક્ત કરીને તેને શુદ્ધ કરવાનો છે.

## ➤ સર એડમંડ હિલેરી ફેલોશિપ માટે ભારતીય એથ્લેટ સુશ્રી દીપા મલિકની પસંદગી કરવામાં આવી

ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા વર્ષ 2019ની 'સર એડમંડ હિલેરી ફેલોશિપ' માટે સુશ્રી દીપા મલિકની પસંદગી કરવામાં આવી છે. સુશ્રી દીપા મલિક હરિયાણાના ગોળા ફેંક ખેલાડી છે. તેમણે 2016ની પેરાલિમ્પિક ગેમ્સમાં ગોળા ફેંક (Shot Put)માં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો હતો. આ સાથે જ સુશ્રી દીપા મલિક પેરા ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતનાર ભારતના પ્રથમ મહિલા ખેલાડી બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ પ્રોફેસર નજમા અખ્તર જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ બન્યા

ભારતના પાટનગર દિલ્હી ખાતે આવેલી જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના કુલપતિ તરીકે તાજેતરમાં મહિલા પ્રોફેસર નજમા અખ્તરની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ પ્રોફેસર નજમા અખ્તર જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ બની ગયા છે.

## ➤ 2019ની લોકસભા ચૂંટણીમાં સૌપ્રથમ વોટિંગ ITBPના જવાનો દ્વારા થયું

ભારતમાં સાત તબક્કામાં યોજાનાર 2019ની લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું 11 એપ્રિલ, 2019ના રોજ મતદાન થાય એ પહેલા જ અરૂણાચલ પ્રદેશમાં તૈનાત ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ (ITBP)ના જવાનો દ્વારા વોટિંગ કરવામાં આવ્યું હતું. ગુપ્ત ટપાલ મતપત્ર દ્વારા થયેલું આ સર્વિસ વોટિંગ વર્ષ 2019ની લોકસભા ચૂંટણીનું ભારતનું પ્રથમ વોટિંગ હતું.

## ➤ શ્રી મહેન્દ્ર સિંહ ધોની IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ કેપ્ટન બન્યા

તાજેતરમાં IPLની એક મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમે રાજસ્થાન રોયલ્સને 4 વિકેટે પરાજય આપ્યો હતો. આ સાથે જ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન શ્રી મહેન્દ્ર સિંહ ધોની IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ કેપ્ટન બની ગયા છે.

# વિશ્વ

## ➤ વિશ્વમાં સૌપ્રથમ વખત લંડનમાં પોલ્યુશન ટેક્સનો પ્રારંભ

તાજેતરમાં **બ્રિટન**ના **લંડન**માં **પોલ્યુશન ટેક્સ**નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સાથે જ લંડન વિશ્વનું એવું પ્રથમ શહેર બની ગયું છે કે જયાં પ્રદૂષણ ફેલાવતી કાર પાસેથી ટેક્સ લેવામાં આવશે. જેમાં ઉત્સર્જન માપદંડો પૂરા ન કરનારી કારને રૂ. 1150થી 9000 સુધીનો ટેક્સ ચૂકવવો પડશે.

## ➤ સૂડાનમાં રાષ્ટ્રપતિ શ્રી ઓમર અલ-બશીરના 30 વર્ષના શાસનનો અંત

આફ્રિકી દેશ **સૂડાન**માં સેનાએ રાષ્ટ્રપતિ **શ્રી ઓમર અલ-બશીર**ની ધરપકડ કરીને ત્યાં **કટોકટી** લાદી દીધી છે. આ સાથે જ સૂડાનમાં રાષ્ટ્રપતિ **શ્રી ઓમર અલ-બશીર**ના 30 વર્ષના શાસનનો અંત થયો છે.

## ➤ ઈઝરાયેલનું અવકાશયાન ચંદ્ર પર ઉતરતા પહેલા જ ક્રેશ

તાજેતરમાં **ચંદ્ર** પર ઉતરવાની થોડી ક્ષણો પહેલા જ **ઈઝરાયેલનું 'બેરેશીટ'** નામનું **અવકાશ યાન** દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. અને આ સાથે જ ખાનગી નાણાંની મદદથી વિશ્વનું પ્રથમ ચંદ્ર મિશન લોન્ચ કરવાનું અભિયાન નિષ્ફળ ગયું છે.

## ➤ ડ્રોન દ્વારા ડિલેવરી સેવા શરૂ કરનાર ઓસ્ટ્રેલિયા વિશ્વનો પહેલો દેશ બન્યો

તાજેતરમાં **ઓસ્ટ્રેલિયા**માં **ડ્રોન દ્વારા** કેટલીક વસ્તુઓની **ડિલેવરીની સેવા** શરૂ કરવાની ઓફિસિયલી મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ **ઓસ્ટ્રેલિયા** ખાદ્ય ચીજો, દવા તથા અન્ય સામાનની ડ્રોન દ્વારા ડિલેવરી સર્વિસને કાયદેસરની મંજૂરી આપનાર **વિશ્વનો પ્રથમ દેશ** બની ગયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- તાજેતરમાં એપ્રિલ 2019 દરમિયાન છત્તીસગઢના કયા જિલ્લામાં થયેલા એક નકસલી હુમલામાં ધારાસભ્ય શ્રી ભીમા મંડાવી સહિત 4 જવાનો શહીદ થયા હતા ? – દંતેવાડા
- બ્રિટનના લંડન ખાતે યોજાયેલી ગ્લોબલ વોટર સમિટ 2019માં ભારતની કઈ યોજનાને ગ્લોબલ વોટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે ? – નમામિ ગંગે મિશન અથવા રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન
- ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા વર્ષ 2019ની 'સર એડમંડ હિલેરી ફેલોશિપ' માટે કયા ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી દીપા મલિક
- ભારતમાં દિલ્હી ખાતે આવેલી જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – પ્રોફેસર નજમા અખ્તર
- ભારતમાં 2019ની લોકસભા ચૂંટણીનું પ્રથમ વોટિંગ કયાં ? કોના દ્વારા થયું હતું ? – અરૂણાચલ પ્રદેશમાં, ITBPના જવાનો દ્વારા
- IPLમાં 100 મેચ જીતનાર પ્રથમ કેપ્ટનનું નામ શું છે ? – શ્રી મહેન્દ્ર સિંહ ધોની
- તાજેતરમાં વિશ્વના કયા શહેરમાં સૌપ્રથમ વખત પોલ્યુશન ટેક્સનો પ્રારંભ થયો છે ? – લંડન
- તાજેતરમાં કયા આફ્રિકી દેશમાં કટોકટી લદાતા રાષ્ટ્રપતિ શ્રી ઓમર અલ–બશીરના 30 વર્ષના શાસનનો અંત આવ્યો છે ? – સૂડાન
- તાજેતરમાં કયા દેશનું 'બેરેશીટ' નામનું અવકાશ યાન ચંદ્ર પર ઉતરતા પહેલા જ ક્રેશ થઈ ગયું છે ? – ઈઝરાયેલ
- ડ્રોન દ્વારા ડિલેવરી સર્વિસને કાયદેસરની મંજૂરી આપનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – ઓસ્ટ્રેલિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.